ગાંધીનગર સમાચાર

**જિલ્લાના 33 ગામોમાં પંચાયત ઘર જર્જરિત છે**






(તસવીર : દિપક જાની)

# નર્મદા ડેમના દરવાજાનું કામ માર્ચ-૨૦૧૭માં પૂર્ણ થશે

**ગાંધીનગરમાં યોજાયેલી વિરાટ કિસાન રેલીમાં કલોલ, માણસા સહીતના વિસ્તારમાં કૃષિના જળસ્રોત માટે ૧૦૩૧ કરોડની યોજનાઓને મંજૂરી : ખેડૂતોને ખરીફ પાક માટે ૧ ટકાના વ્યાજે ૩ લાખનુ ધિરાણ : ખાતર માટે ૫૦ સ્થાનો પર ગોડાઉન બનાવવા નિર્ણય : ગ્રામસડક યોજના માટે આ વર્ષે ૨૫૦૦ કરોડનો ખર્ચ થશે : ભાજપ કિસાન મોરચા આયોજિત વિરાટ કિસાન રેલીમાં ગાંધીનગર, સુરેન્દ્રનગર, બનાસકાંઠા, મહેસાણા, પાટણ સહીત ઉત્તર ગુજરાતના ખેડૂતો ઉમટ્યા**

ગાંધીનગર, તા. ૧૮

ભાજપ કિસાન મોરચા આયોજિત વિરાટ કિસાન રેલી દરમિયાન મુખ્યમંત્રી આનંદીબેન પટેલ કૃષિ વિકાસલક્ષી યોજનાઓ અન્વયે જળસ્રોત માટે રૂ. ૧૦૩૧ કરોડની જોગવાઈ કરવામાં આવી હોવાની જાહેરાત કરી હતી. જેમાં ગાંધીનગર જિલ્લાના કલોલ, માણસા ઉપરાંત મહેસાણા અને વિજાપુરના ખેડૂતો માટે રૂ. ૫૧૫ કરોડની પિયજની યોજનાને મંજૂરી આપવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું. જ્યારે આગામી માર્ચ ૨૦૧૭ સુધીમાં નર્મદા ડેમ પર ૩૦ રેડીયલ ગેટ મુકવાનુ કામ પૂર્ણ થઈ જશે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

૨.૬૦ લાખ હેક્ટરમાં સબ માઈનોર કેનાલનું કામ પૂર્ણ થતા ૯૮૧ ગામોના સવા બે લાખ ખેડૂતોને તેનો લાભ મળી રહ્યો હોવાનું પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. તેમણે ખેડૂતોને ખરીફ પાક માટે રૂ. ૩ લાખ સુધીના ધિરાણ માટે માત્ર ૧ ટકાના વ્યાજે નાણાંકીય સહાય પુરી પાડવાનો ઐતિહાસિક નિર્ણય લેવાયો હોવાનું પણ જણાવ્યું હતું.

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે સરદાર સરોવર ડેમની ઉંચાઈનું કાર્ય તો ૨૦૦૬માં પૂર્ણ થઈ ચુક્યુ હતુ, પરંતુ તે પછીના આઠ આઠ વર્ષના ગાળા દરમ્યાન કોંગ્રેસે નર્મદા ડેમ ઉપર દરવાજા મુકવાની ધરાર મંજુરી ન આપીને ગુજરાતની પ્રજાને અક્ષમ્ય અન્યાય કર્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ શાસનધૂરા સંભાળ્યાના માત્ર ૧૫ દિવસમાં ડેમ ઉપર દરવાજા મુકવાની મંજુરી આપી દીધી હતી અને આગામી જૂન-૨૦૧૬ સુધીમાં ૩૦માંથી ૨૨ રેડીયેલ ગેટ તથા ૩૦ બ્રિજના સ્લેબનું કર્ય પૂર્ણ પણ થઈ જશે. માર્ચ ૨૦૧૭ સુધીમાં તમામ ૩૦ રેડીયેલ ગેટ મુકવાનું કાર્ય સંપૂર્ણ થશે તેમ તેમણે જણાવ્યું હતું.

છેલ્લા ૧૫ વર્ષમાં નરેન્દ્રભાઈ મોદી અને ત્યારપછીના ભાજપા શાસનમાં ઉત્તર ગુજરાતના ખેડૂતોની વિશેષ ચિંતા કરીને સુજલામ સુફલામ યોજના તથા નર્મદા યોજનાના સબ માઈનોર કેનાલના જમીન સંપાદનના કામને વિશેષ પ્રાધાન્ય અપાયું છે. તેમણે સબમાઈનોર કેનાલના અનુરૂપ પાઈપલાઈન માટે ૯૭.૫ ટકા ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે જ્યારે માત્ર ૨.૫ ટકા ખર્ચ કિસાન ભાઈઓને આપવાનો થાય તે પ્રમાણેના સરકાર દ્વારા થયેલા નિર્ણય તથા તેના અમલીકરણ અંગે માહિતી આપી હતી. હું પણ ખેડૂતપુત્રી છું, મેં પણ ખેતી કરી છે, છાશ વલોવી છે, ખેડૂત ભાઈઓ-બહેનોના પ્રાણ પ્રશ્નોથી ઈશ્વર કૃપાએ હું સવિશેષ વાકેફ છુ તેમ જણાવી મુખ્યમંત્રીએ આગામી ખરીફ પાક માટે ૩ લાખ સુધીના ધિરાણ માટે માત્ર ૧ ટકાના વ્યાજે ખેડૂતોને નાણાંકીય સહાય પુરી પાડવાના લીધેલા ઐતિહાસિક નિર્ણય અંગે સૌને વાકેફ કર્યા હતા. આ પ્રમાણેનો નિર્ણય લેનાર દેશભરમાં ગુજરાત પ્રથમ રાજ્ય છે

● અનુસંધાન પાન-૭ પર

## રૂપાલાનો અનોખો અંદાજ

### જમીન ભીની થાય અને અળસિયા નિકળે...

ગાંધીનગર તા ૧૮

વિરાટ કિસાન રેલી દરમિયાન ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષે આગવી શૈલીમાં કોંગી નેતાઓને ચાબખા માર્યા હતા. તેમણે જણાંવ્યુ હતુ કે કોંગ્રેસના શાસનમાં કરોડોના આંકડા માત્ર સાંભળવામાં જ આવતા હતા ભ્રષ્ટાચારી શાસનમાં નેતાઓ બધુ ઘર ભેગુ કરતા હતા. તેમણે જણાંવ્યુ હતુ કે કેટલાક લોકોને ભારત માતા કી જય બોલવામાં પણ સંકોચ થાય છે તેવા દેશદ્રોહીઓને બરોબરનો પાઠ ભણાવો પડશે. તેમણે કટાક્ષ કરતા જણાંવ્યુ હતુ કે વરસાદમાં જમીન ભીની થાય ત્યારે અળસિયા અને કીટાણુઓ નિકળી આવે છે. ત્યારે ગાંધીનગરમાં આવી સ્થિતિ ન થાય તે માટે આર સી સી કરી દેવુ છે. તેમણે જણાંવ્યુ હતુ કે રાજયની તેમજ કેન્દ્રની યોજનાઓનો લાભાર્થી સુધી પહોંચે તે મહત્વનુ છે. તેમણે કીસાન વિરાટ રેલીના આયોજન બદલ ભાજપ કીસાન મોરચાની પણ સરાહના કરી હતી.

## કોંગ્રેસના શાસનમાં ૧.૫૮ લાખ ખેડુતોની આત્મહત્યા : ઝડફિયા

ગાંધીનગરમાં યોજાયેલી વિરાટ કીસાન રેલીમાં રાષ્ટ્રીય કિસાન મોરચાના મહામંત્રી ગોરધનભાઈ ઝડફિયાએ જણાંવ્યુ હતુ કે આઝાદીના ૬૮ વર્ષો પૈકી ૫૮ વર્ષ શાસન કરનાર કોંગ્રેસના શાસનમાં ૧૫૮૦૦૦ ખેડુતોએ આત્મહત્યા કરી છે.કિસાનોની બરબાદી માટે જવાબદાર કોંગ્રેસને કીસાનોના હીતની વાત કરવાનો લેશમાત્ર અધિકાર નથી. સુજલામ સુફલામ યોજના, ચેકડેમ, અઢીલાખ બોરીબંધ તેમજ સવાલાખ ખેતતલાવડી સહિત પરિણામલક્ષી કામો ભાજપના શાસનમાં થયા છે. અગાઉ કોંગ્રેસના શાસનમાં પાક વિમા માટે ખેડુતોએ ૨ થી ૧૨ ટકા પ્રમિયમ આપવુ પડતુ હતુ. જયારે પ્રધાનમંત્રીએ ખરિફ પાક માટે ૨ ટકા થી લઈ બાગાયતી પાક માટે વધુમાં વધુ ૫ ટકા પ્રમિયમની જોગવાઈ કરી છે.

**બ્રહ્મભટ્ટ બેસણું**



અમારા ભાઈશ્રી **નવીનચંદ્ર મણીલાલ બારોટ** (કડી-હાલ ગાંધીનગર, નિવૃત સેકશન ઓફિસર સચિવાલય) નું તા.૧૬-૦૩-૨૦૧૬ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂ. સદ્દગતનું **બેસણું તથા સુંવાળા તા.૨૧-૦૩-૨૦૧૬ ને સોમવાર**ના રોજ સવારે ૮ થી ૧૧ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.

● નિવાસસ્થાન ●
૨૦૫/૧, શોપીંગની પાછળ, સેકટર-૬/બી, ગાંધીનગર.

લિ.
ચંદ્રવદન મણીલાલ બ્રહ્મભટ્ટ
ભુપેન્દ્ર મણીલાલ બારોટ
અમીત નવીનચંદ્ર બારોટ

**બેસણું - સુંવાળા**



અમારા પરમ પૂજ્ય માતૃશ્રી
**ગં.સ્વ.શારદાબેન શાંતિભાઈ પટેલ**
તા.૧૬-૩-૨૦૧૬ને બુધવારના રોજ અક્ષરનિવાસ પામેલ છે. **સદ્દગતનું બેસણું-સુંવાળા તા.૨૦-૩-૨૦૧૬ને રવિવારના રોજ સવારે ૮ થી ૧૧ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન :- રામજી મંદિર પાસે, કુડાસણ, તા.જી. ગાંધીનગર**

ઘનશ્યામભાઈ શાંતિભાઈ પટેલ
દિનેશભાઈ શાંતિભાઈ પટેલ
અશોકભાઈ શાંતિભાઈ પટેલ







## જિલ્લાના ૩૩ ગામોમાં પંચાયત ઘર જર્જરિત છે

**જિલ્લામાં ખનીજ ચોરીના ૩૩૨ કિસ્સા નોંધાયા છે : ૫૮ રાજીવ ગાંધી ભવન બનાવવાના બાકી છે : આયોજન મંડળના ૫૯૩ કામો બાકી છે : મનરેગામાં ૬૫ લાખનું ચુકવણુ બાકી છે**

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે પ્રશ્નોત્તરીમાં ગાંધીનગર જિલ્લાના ૧૦ જેટલા પ્રશ્નો પુછવા માટે રજુ થયા હતા જે આ સત્રમાં સૌથી વિશેષ છે.

ભાજપના શ્રી શંભુજી ઠાકોરે દહેગામ તાલુકામાં ઈન્દિરા આવાસ યોજનાના મકાનોને લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગ્રામ વિકાસ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૨૦૧૪-૧૫માં દહેગામ તાલુકામાં ૫૭ આવાસો ઈન્દિરા આવાસ યોજના હેઠળ બાંધવાનો નિર્ણય લેવાયો હતો.

આ પૈકી ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ વહીવટીય મંજૂરી પણ આપી દેવામાં આવી છે. આ પૈકી ૫૨




આવાસોની બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગ્રામ વિકાસ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૧-૨-૧૪થી ૩૧-૧-૧૫ સુધીમાં રૂ. ૬૨૦.૫૪ લાખ અને ૧-૨-૧૫ થી ૩૧-૧-૧૬ દરમ્યાન રૂ. ૨૧૮.૪૩ લાખ મળી કુલ ૮૩૮.૯૭ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

કામિનીબાના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે ૩૧-૧-૧૬ની સ્થિતિએ થયેલ કામ અન્વયે રૂ. ૬૫.૬૮ લાખની રકમ ચુકવવાની બાકી છે. જેમાં દહેગામ તાલુકામાં રૂ. ૨૪.૯૧ લાખની કલોલ તાલુકામાં ૨૯.૨૭ લાખની અને માણસામાં ૧૧.૫૦ લાખની ચુકવણી બાકી છે.

મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૧-૨-૧૪ થી ૩૧-૧-૧૫ દરમ્યાનના કામોની ચુકવણી રૂ. ૩૦.૧૩ લાખની બાકી છે. જેમાં દહેગામમાં રૂ. ૪.૭૨ લાખ અને કલોલમાં રૂ. ૨૫.૪૧ લાખની ચુકવણી બાકી છે. જ્યારે ૧-૨-૧૫ થી ૩૧-૧-૧૬ દરમ્યાન થયેલ કામની ચુકવણી રૂ. ૩૫.૫૫ લાખની બાકી છે. જેમાં દહેગામમાં ૨૦.૧૯ લાખ, કલોલમાં ૩.૮૬ લાખ અને માણસામાં રૂ. ૧૧.૫૦ લાખની ચુકવણી બાકી છે.

**● રોયલ્ટીની આવક**

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે ૩૧-૧-૧૬ની સ્થિતિએ ખનીજ ઉત્ખનન દ્વારા રોયલ્ટીની આવકને લઈ પુછેલ લેખિત પ્રશ્નના ઉત્તરમાં ખાણ-ખનીજ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૧-૨-૧૪ થી ૩૧-૧-૧૫ દરમ્યાન રૂ. ૭૭૭.૬૭ લાખ અને તા. ૧-૨-૧૫ થી ૩૧-૧-૧૬ સુધીમાં રૂ. ૬૭૮.૮૨ લાખની આવક થઈ છે.

મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે ૧૫૬ ઈસમો સામે ફરિયાદો મળી છે અને ૧૯૬ ઈસમો પકડાયા છે. પકડાયેલ ઈસમો પાસેથી રૂ. ૧૪૯.૦૮ લાખનો દંડ વસુલ કરવામાં આવ્યો હોવાનું પણ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

**● મનરેગામાં ગ્રાન્ટ**

કોંગીના શ્રીમતિ કામિની બા રાઠોડે જિલ્લામાં મનરેગાની ફાળવણીમાં આવેલ ગ્રાન્ટ અંગે પુછેલા

**● કલોલમાં ઈન્દિરા આવાસ**

ભાજપના શ્રી અશોક પટેલે કલોલ તાલુકામાં ૨૦૧૪-૧૫માં ઈન્દિરા આવાસના લક્ષ્યાંક અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગ્રામ વિકાસ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૫૬ આવાસોનો લક્ષ્યાંક નિયત કરાયો હતો.

આ લક્ષ્યાંક મુજબ ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ ૫૬ આવાસની બાંધકામની મંજૂરી આપી દેવામાં આવી છે. આ પૈકી ૧૦ આવાસની બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી હોવાનું પણ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે.

**● ખનીજ ચોરીના કિસ્સા**

કોંગીના ડૉ. તેજશ્રીબેન પટેલે ગાંધીનગર જિલ્લામાં ખનીજ ચોરીના નોંધાયેલા કિસ્સા અંગે

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com